## આવતીકાલનો ઉજાસ



અર્થ તુષાર શાહ
ધોરણ-૩
સ્કૂલ ઑફ ઍચીવર

સ્વભાવે મસ્તીખોર અને માયાળુ એવો અર્થ અભ્યાસમાં અને સ્કેટીંગમાં પહેલેથી જ અગ્રેસર રહ્યો છે. તેને રમકડાંની અલગ અલગ પ્રકારની મોટરકાર ભેગી કરવી ખૂબ ગમે છે. તાજેતરમાં જિલ્લા કક્ષાની સ્કેટીંગ સ્પર્ધામાં અંડર-૧૧ બૉય્ઝ વિભાગમાં સાત વર્ષની વયે પ્રથમ ક્રમ મેળવી ચૅમ્પીયન્સ ટ્રૉફી તેણે પોતાને નામ કરી છે. મોટા થઈને આઈપીઍસ ઑફિસર બનવાની તેની મહત્ત્વાકાંક્ષા છે.

## બાજખેડાવાળ વિદ્યાર્થીઓ માટે રાહત ભાવે નોટબૂક

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સ્થિત બાજખેડાવાળ વિદ્યાર્થીઓના લાભાર્થે ફુલસ્કેપ નોટબુક રૂપિયા ૬૦ પ્રતિ ડઝન, અને નાની નોટબુક રૂપિયા ૩૦ પ્રતિ ડઝનના રાહત દરે મેળવવા માટે માર્કશીટની નકલ સાથે ગાંધીનગર બાજખેડાવાળ મિત્રમંડળના પ્રમુખશ્રી કિરણ પંડ્યા, પ્લોટ નં. ૩૫૯/૧ સેકટર-૫ એ (મો. ૯૮૨૪૧૮૪૩૯૫) નો સંપર્ક સાજે ૪ થી ૭ દરમિયાન સાધવો. તા. ૩૧ મી મે પહેલાં નોટબુકસ મેળવી લેવા જણાવવામાં આવે છે.

# આજે ગાંધીનગરમાં સાતમી ફોટોવૉક યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

બૅરફૂટ ફોટોવૉકર્સ નામથી જાણીતા નગરના પહેલવહેલા ફોટોવૉકર્સ પોતાની સાતમી ફોટોવૉક આવતીકાલે એટલે કે સોમવાર, તા. ૨૧ મે ના રોજ યોજી રહ્યા છે.

પોતાની શરૂઆતથી જ આ ફોટોવૉકર્સ 'દેખાતું છતાં અજાણ્યું' એ થીમ પર ફોટોગ્રાફી કરી રહ્યા છે. એ જ ક્રમમાં તેમણે નગરજનો માટે ઉપયોગી વિષયોના ફોટોગ્રાફ્સ એકત્ર કરવાનો પણ નિર્ણય કર્યો છે, જે અંતર્ગત પબ્લિક ટ્રાન્સપૉર્ટેશન, રાજ્ય સ્થાપના દિવસની ઉજવણી, અખબાર વિતરણની કામગીરી, નગરમાં ઉનાળા દરમ્યાન મ્હોરતી પ્રકૃતિ અને જૂના સચિવાલય બજાર-મીના બજારના ફોટોગ્રાફ્સ આ ફોટોવૉકર્સ દ્વારા એકત્ર કરવામાં આવ્યા છે.

હવે સોમવારે ફોટોવૉકર્સ દ્વારા ગાંધીનગરમાં રાત્રિ દરમ્યાન



તસવીર : વિજય પવાર

જામતા વૅકેશનના માહોલની ફોટોગ્રાફી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં વૅકેશનની રાત્રીઓ દરમ્યાન નગરજનો ઉપરાંત મુલાકાતીઓ મોટી સંખ્યામાં એકત્ર થાય છે. મોડી સાંજથી એકત્ર થતા ઘણા નગરજનો તો અહીં રાત્રી ભોજનના કાર્યક્રમો પણ યોજે છે. એ પછી મોડી રાત સુધી અહીં બાળકોની રમતો, સ્નેહીઓની બેઠકો અને હળવાશની પળોનાં દ્રશ્યો સર્જાય છે. આવી જ પળોને કૅમેરામાં કૅદ કરવાનો પ્રયાસ ફોટોવૉકર્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ ફોટોવૉકમાં કોઈપણ ફોટોરસિક જોડાઈ શકે છે. ફોટોગ્રાફીને લગતી વિવિધ ટેકનીક્સ, ઍંગલ તથા અન્ય જરૂરી બાબતોની ચર્ચા પણ આ ફોટોવૉક દરમ્યાન કરવામાં આવશે.

સોમવારે રાત્રે ૮ કલાકે ઘ-૪ સર્કલ પાસે ઉદ્યોગ ભવન કૉર્નરે ફોટોવૉકર્સ એકત્ર થશે અને પછી આયોજન કરી ફોટોગ્રાફ માટે આગળ વધશે. આ અંગેની વધુ માહિતી માટે ફેસબૂક ઉપર બૅરફૂટ ફોટોવૉકર્સના ગ્રૃપની મુલાકાત લેવા જણાવાયું છે.

### ગુજરાતી સાહિત્યના યશસ્વી સાહિત્યસર્જક

# સ્વ.ભોળાભાઈ પટેલને મુખ્ય મંત્રીશ્રીની શ્રધ્ધાંજલિ

### ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે યશસ્વી યોગદાન આપનારા સાહિત્યસર્જક આપણે ગુમાવ્યા

અમદાવાદ : રવિવાર

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ અને મૂર્ધન્ય સાહિત્ય સર્જક શ્રી ભોળાભાઈ પટેલના અવસાન અંગે ઊંડા આઘાત અને શોકની લાગણી વ્યકત કરી ભાવભરી શ્રધ્ધાંજલિ આપી છે.

સ્વ.ભોળાભાઈ પટેલ ગુજરાતી, અંગ્રેજી, બંગાળી અને સંસ્કૃત સહિતની ભાષાઓના અભ્યાસનિષ્ઠ સાહિત્યકાર બની રહ્યા અને તેમના સાહિત્ય સર્જનોમાં પણ વિદ્વતાનો સાક્ષાત્કાર થતો રહ્યો છે એમ જણાવી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે યશસ્વી યોગદાન આપનારા સાહિત્યસર્જક આપણે ગુમાવ્યા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની ગરિમાનું સંવર્ધન કરવામાં સ્વ.ભોળાભાઈ પટેલના પ્રદાનને તેમણે બિરદાવ્યું હતું.

# આદિવાસી સમાજમાં શિક્ષણની સુવિધાથી ગુણાત્મક પરિવર્તન

### ગુજરાત પોલિસ અને વહીવટી સેવામાં ફરજપરસ્ત વરિષ્ઠ એવા ૩૦ અધિકારીઓએ મુખ્ય મંત્રીશ્રીની સૌજન્ય મુલાકાત લીધી

અમદાવાદ : રવિવાર

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતના આદિવાસી સમાજમાંથી પોલિસ સનદી સેવાઓ અને વહીવટી સેવાઓમાં જોડાયેલા ૩૦ જેટલા વરિષ્ઠ અધિકારીઓએ સૌજન્ય મુલાકાત લીધી હતી અને આદિવાસી સમાજ પણ પુરૂષાર્થ કરીને ગુજરાત વિકાસમાં પોતાનું યોગદાન આપી રહ્યો છે તેમ જણાવ્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ આદિવાસી સમાજના આ વરિષ્ઠ અધિકારીઓની ગુજરાત માટેની સેવાની પ્રતિબધ્ધતાને આવકારતા જણાવ્યું કે આદિવાસી સમાજની નવી પેઢીમાં શિક્ષણ પ્રત્યે ખૂબ મોટો લગાવ અને બદલાવ નજરે પડે છે. આદિવાસીઓ માટે આઈઆઈટી અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સગવડો સહિત ટેલેન્ટપૂલમાં તેજસ્વી આદિવાસી વિદ્યાર્થીઓ તથા છાત્રાલયો નિવાસી શાળાઓમાં શિક્ષણની સુવિધાથી ખૂબ પરિવર્તન આવ્યું છે. સનદી સેવાઓ માટેની તાલીમ લશ્કરમાં જોડાવાના પ્રશિક્ષણ માટેની વ્યવસ્થાને પણ આદિવાસીઓમાં ખૂબ પ્રતિસાદ મળ્યો છે. આ પ્રસંગે વરિષ્ઠ પોલિસ અધિકારી શ્રી એમ.ડી.મીના, મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી કે.કૈલાસનાથન અને આદિવાસી સમાજના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેખ તેરે બાગોં કી હાલત ક્યા હો ગઈ ભગવાન...

# સેક્ટરોનાં બગીચા ઉજ્જડ અને સાધનો કંડમ બની ગયા

### બાળકોની ફૂલવાડી જેવાં સેક્ટર્સનાં બગીચાનો પુનરોધ્ધાર કરવા સરકાર અને મહાનગરપાલિકાને શહેરીજનોની કાકલૂદી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની સ્થાપનાથી



પ્રત્યેક સેકટરોમાં બાળકો માટે મનોરંજન મળી રહેવાના ઉદ્દેશથી બગીચાઓ બનાવવામાં આવેલાં હતાં. બગીચામાં આવેલાં રમત ગમતનાં સાધનોએ બાળકોમાં અત્યંત પ્રિય હતા. હિંચકા, લપસણી, ડબલ બાર, ચકરડી, સળીયા પકડીને લટકવાની સુવિધા... આ બધા જ સાધનો પર બાળકો કિકિયારીયો પાડતાં રમતાં અને બગીચો નંદનવન બની જતો !!

લીલીછમ્મ લોન, ગલગોટા, બારમાસીના ફુલ, ઘટાદાર લીમડા અને કેરીઓથી લચી પડેલાં આંબા એ બગીચાનો વૈભવ હતો. આંબલી-પીપળી જેવી રમતથી બાળકો ઝાડ પર સડસડાટ ચઢી જઈ ઉપરથી છાબુકા મારી રમતની મજા લેતા હતા. રમત-ગમતનાં સાધનોની જગ્યાએ નીચે પુષ્કળ માત્રામાં રેતી ભરેલી રહેતી જેથી બાળકોને પડવાથી વાગવાનો ડર રહેતો નહી, હા, ક્યારેક લપસણીનાં પતરાંની ધારથી ચડ્ડીઓ ફાટી જતી ખરી...

બાળકોની ફુલવાડી સમાન આ બગીચાઓ અત્યારે બિસ્માર હાલતમાં ધકેલાઈ ગયાં છે. રમત-ગમતનાં સાધનો તુટીફૂટીને કાટ ખાઈ રહ્યા છે. તસવીરમાં દશ્યમાન બગીચાનો કાટમાળ સેક્ટર-૨૧માં લક્ષ્મી બેકરીનાં સામેનાં બગીચાના છે. બગીચામાં પ્રવેશવાના દ્વારથી લઈ દરેક વસ્તુ વેરણ છેરણ અને ભંગાર



હાલતમાં નિસાસા નાખી રહી છે. હરિયાળા અને બાળકોથી ઉભરાતા આ બગીચામાં અત્યારે ઓપન શૌચાલયથી હાલત ઔર બિસ્માર લાગે છે. બગીચામાં આડુ પડેલું વિશાળ ઝાડનું થડ એક મોટાં ઝાડનાં લેવાયેલા ભોગની ચાડી ખાઈ રહ્યું છે.

સેક્ટર-૨૧માં વર્ષોથી રહેતાં અને આ બગીચામાં પોતાનું બાળપણ એન્જોય કરનારા અહીંથી પસાર થતાં મણ મણના નિસાસા નાંખે છે. આ બગીચાનાં ફોટા અને વાતો તે એક નમૂનો છે. બાકીના સેક્ટરોમાં બગીચા પણ ઓછે વત્તે અંશે બર્બાદીની ગર્તામાં ધકેલાયેલાં જ છે. જાળવણીના સદંતર અભાવને કારણે બાળકો અને મોટેરાઓને મનોરંજન



પીરસતી આ મોંઘામુલી જગ્યાઓ ધીમે ધીમે ઈતિહાસમાં જમા થવા લાગી છે.

ગાંધીનગરને શણગારવામાં સરકાર અને મહાનગરપાલિકા ઘણાં પ્રશંસનીય પગલાં ભરે છે, ત્યારે પ્રત્યેક સેકટરનાં નાનાં નાનાં બગીચાઓને નિભાવવાં માટે કેમ આંખ આડા કાન કરે છે સમજમાં નથી આવતું. આજે જ્યારે પ્રત્યેક ક્ષેત્રે પ્રાઈવેટ લોકોની ભાગીદારી સ્વિકારાય છે ત્યારે આ બગીચાને પણ લોક ભાગીદારીથી નિભાવી ફરી ખીલવી શકાય એમ છે. ગાંધીનગરનાં લોકો અને સ્વૈચ્છિક સંસ્થા, કંપનીઓને આવાં બગીચા દત્તક આપી ખંડેર બની રહેલાં બગીચા પૂનર્જીવીત કરી બાળકોની ખુશાલી પાછી આવે એવી શહેરીજનોની માંગણી છે.

પોતાની બાળપણની સ્મૃતિઓ અને બાળકો-પૌત્રને હરિયાળા, સાધન સંપન્ન બગીચાનો વારસો મળે એવી વરિષ્ઠ નાગરીકોની ઈચ્છા અને માંગણી છે. જોઈએ હવે આ ક્ષેત્રે કોઈ પહેલ કરે છે ?

## શબ્દ સરવાણી

### દોહો

માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખમાંહી,
મનવા તો ચહુ દિશ ફિરે એસો સુમિરન નાહી

### જોડકણું

અહંકાર કરતા અધિક ફરકાતા ઉન્મત્ત મન
અદ્ધર ને અદ્ધર ગયા રાવણાદિ કંઈ જન

### સુભાષિત

હારે હારી જાય તે જ ખરો હારી ગયો
લડતો રહે સદાય તેની હારે જીત છે

### ચોપાઈ

સબ કે પ્રિય સેવક યહ નીતિ
મોરે અધિક દાસ પર પ્રીતિ
(મારી સેવક પ્રિય નીતિથી તન, મન, ધન
બધું અર્પણ કરીને મને દાસ વ્હાલા વધુ છે)

### સોરઠો

ભૂખ્યા પેટે ભાન, શૂરાને પણ રહે નહિ
પેટમાં પડે મસ્તાન, સાચું સોરઠિયો ભણે

### છપ્પો

બીજે ઉપાયે હરિ નવ મળે જો કોટી જન્મ આ ફળે
જ્યમ કમળ ઉપર જળ ઝાકળ પડે, ત્યમ તે સૂકે કે સડે
જેથી ઉપન્યો તે જો હજૂર, બીજે ઉપાય અખા પડે દૂર

### શ્લોક

આપદિ મિત્ર પરીક્ષા શૂરપરીક્ષા રણાંગણે ભાતિ
વિનયે વંશપરીક્ષા સ્ત્રિય: પરીક્ષા તુ નિર્ધને પુંસિ
(આપત્તિમાં મિત્રની પરીક્ષા થાય, શૂરવીરની યુદ્ધમાં,
વંશની વિનય-સંસ્કારથી અને
ગરીબીમાં સ્ત્રીની પરીક્ષા થાય છે)

### જાણવા જેવું

- સમગ્ર વિશ્વમાં એકલા ગુલાબની નવ હજાર જાત છે.
- પાણીમાં થતી કુંભવેલનો ક્યારેય નાશ થતો નથી. એક સાધારણ મૂળ પચીસ વર્ષે પણ ફૂટી નીકળે છે.
- ક્રિકેટમાં ખેલાડી કુલ ૧૨ પ્રકારે આઉટ થાય છે.
- સમગ્ર વિશ્વમાં આહારમાં અનાજ તરીકે ચોખા અને શાકભાજીમાં બટાટાનો સૌથી વધુ વપરાશ થાય છે.
- શ્રીરામ ભગવાનનાં બહેનનું નામ શાન્તા હતું. કૌશલ્યાની કૂખે જન્મેલાં આ શાન્તાને અંગદેશના રાજા રોમપાદને વચન મુજબ દત્તક આપી ઋષ્યશૃંગ મુનિ સાથે તેમનાં લગ્ન કરાવવામાં આવ્યાં હતાં.
- સૌપ્રથમ એફએમ રેડિયો સ્ટેશન બેંગ્લોરમાં સ્થપાયું હતું, રેડિયો સિટી, જે ૩-૭-૨૦૦૧ના રોજ ચાલુ થયું.
- ઈન્દ્રસભા નામની હિન્દી ફિલ્મમાં ૭૧ અને સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર ફિલ્મમાં ૨૭ ગીતો હતાં.

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

### રામ ક્યાં છે ?

જ્યાં જ્યાં હૃદય વસતી કરુણા, ત્યાં વિરાજ્યા રામ છે,
જ્યાં જ્યાં હૃદય માંગલ્ય ઝંખે, ત્યાં મલકતા રામ છે.
'નારી છે તું નારાયણી' જે દેશમાં કહેવાય છે,
અગ્ની પરીક્ષા થાય ના ત્યાં ત્યાં મલપતા રામ છે.
લખમણ સમો બંધુ મળે ને ભાભી ઉર્મિલા સમી,
એ આદમી છે દેવસરખો, ભાગ્યશાળી રામ છે.
જ્યાં બાંધવો ઝઘડે નહીં, ના ગિરવે મૂકે વારસો,
હોળી બળે ના હેતની, ત્યાં રોજ હસતા રામ છે.
જ્યાં જ્યાં ફૂલો, જ્યાં જ્યાં ચમન ને અમનની વાંસળી,
ત્યાં ત્યાં અવધ, ત્યાં ત્યાં સીતા ને લખનના રામ છે.
જ્યાં સત્ય ખાતર કોઈ ધોબીને સજા મળતી નથી,
ખુદને સજા જે દઈ શકે, એ એક રાજા રામ છે.
સોનાની લંકા હોય ને રાવણ સરીખો રાજવી,
ત્યાં બાળતા હનુમાન છે ને મારવા શ્રીરામ છે.

- રણછોડ વી પરમાર

### જિંદગી

હર પલ હર ઘડી સમજ કિ હૈ પડાવ જિંદગી
કભી ભી ના સમજ કિ હૈ એક ખિલાફ જિંદગી
ફિર ભી ક્યા જીયા અગર નહીં જીયા તુ યહ જિંદગી
કર કોશિશ જીતને કિ માનલે હૈ એક લડાઈ જિંદગી
ક્યા હોગા અગર નહિ ભી જિતતા હૈ તુ હાર ભી તો હૈ એક જિંદગી
સચ-જૂઠ તો સસ્તે હૈં, તુજે ચુનના હૈ કોનસી જિંદગી
ચુના સચ કો ફિર ભી ક્યા હૈ પતા કહાં લે જાયેગી જિંદગી
ચુના જૂઠ કો ફિર ભી ક્યા હૈ પતા કહાં લે ગયી જિંદગી
કભી તો પકડા જાયેગા ક્યોંકિ હૈ એક સચ્ચાઈ જિંદગી

- જિમેશ પટેલ

# એ વખતે મારી નજર સમક્ષ મારાં બાળકો હતાં

## કારણ... એ મા હતી

- અનંતરાય ન વ્યાસ

વરસાદની ઋતુ હતી. દિવસ દરમ્યાન ધીમે ધીમે વરસાદ વરસતો રહેલો. પાણીનાં ટીપાં નેવાં પરથી હજી ટપક્યા કરતા હતાં. ચારે બાજુ વાદળછાયું ને ભીનું ભીનું વાતાવરણ હતું. ધીમે ધીમે સાંજ પડી. ગામમાં દીવાબત્તી થયા. ગામના છેવાડે એક નાનકડી ઝૂંપડી હતી. તેમાં માતા ને તેનાં બે બાળકો રહે. સાત વરસનો ભાઈ ને ચાર વરસની બહેન. મા ભાઈ-બેનને એકલા મૂકી આસપાસનાં ઘરોમાં ઠામ-વાસણ કરવા જાય. આજે તો મા જરા થાકી હતી. પણ સાંજ પડ્યે વાસણ ઘસવા તો જવું જ પડે ! કામ ન કરે તો ખાય શું ?

માએ નાનકડો દીવો પ્રગટાવ્યો. ભાઈ-બેનને જમાડી, ગોદડું પાથરી તેના પર સૂવરાવ્યા. એકાદ વાર્તા કીધી ત્યાં તો બાળકોની આંખો ઉંઘમાં ઘેરાઈ ગઈ. થોડીવારમાં તો બંને બાળકો ઘસઘસાટ ઉંઘી ગયાં. માએ ધીમેથી ચાદર ઓઢાડી. 'હાય ભગવાન' આ પવન પણ કેવો ઠંડો છે. ચાદર ઓઢાડતાં મા બબડી. પવન ન લાગે તે માટે દીવાને જરા ઊંચે મૂક્યો. બારણું જરા આડું કર્યું. પછી ભગવાનનું નામ લઈ તેના ભરોસે બાળકોની મૂકી મા પારકાં કામ કરવા નીકળી ગઈ.



આખો દિવસ વરસાદ પડેલો, ચારે તરફ પાણી-પાણી. દરમાં પાણી ભરાવાથી મુંઝાયેલો સાપ કોરી જગ્યાની શોધમાં હતો. સાપ ચારેક હાથ લાંબો-કાળોતરો. ઝૂંપડામાં કોરું લાગ્યું તો દાખલ થઈ ગયો. દિવાલ પાસે ફેણ ચડાવી બેસી ગયો. દિવાની જ્યોત હલે તેમ સાપ પણ ફેણ ડોલાવે. એક નર્તન શરૂ થયું. આ બાજુ મા કામો પતાવી ઝડપભેર પાછી ફરી. જ્યાં બારણું ઉઘાડ્યું ત્યાં અવાજ થયો. સાપ ઝડપથી સીધો થઈ ચાલવા લાગ્યો. જે દિશામાં બાળકો સૂતા હતાં બરાબર તે જ દિશામાં સાપ ચાલ્યો. મા તો નિરાંત મને દાખલ થયેલી. દિવાના ઝાંખા પ્રકાશમાં કંઈ હાલતું દેખાયું. જ્યાં નજર કરી તો કાળોતરો. માથી ચીસ પડાઈ ગઈ. અવાજ સાંભળી સાપે તેની ગતિ વધારે. મા આંખ માંડી જોઈ રહી. તેને થયું, હાય બાપ. કેવડો જબરો સાપ છે. બાળકો સૂતાં છે તે બાજુ પર જ જાય છે. હાય હાય, મારાં બાળકોને આભડી જશે તો ? હવે શું કરું ? ઝટ બાળકોને ખેંચી લઉં ? બાળકો જાગી જાય ને ડરના માર્યા કદાચ સાપ તરફ જ વળે તો ?

માએ સાપ તરફ જોયું. સાપ અડધા ઓરડે તો પહોંચી ગયેલો. પથારીથી માંડ પાંચ-સાત ફૂટ દૂર હશે. માને થયું બૂમ પાડી લોકોને બોલાવું. લોક આવે, સાપને પકડે પણ ખરા. પણ એ દરમ્યાન સાપ બાળકોને જરૂર ડસે. કદાચ ઘોંઘાટ થાય તો સાપ ઉશ્કેરાય. તો તુરત ડંખ મારી દે. બહુ અવાજ કરવા જેવું પણ નહીં.

સાપ તો ધીમે ધીમે પાથરેલા ગોદડા નજીક આવી ગયો. અડચણ આવવાથી ગૂંચળું વળી ત્યાં જ અટકી ગયો. માને થોડો સમય મળી ગયો. તેની નજર બાળકોની રમવાની નેતરની નાનકડી સોટી પર પડી. બે ફૂટની સોટી એક બાજુ ગઠ્ઠાવાળી. માએ સોટી ઉપાડી. આવી નાનકડી સોટીથી સાપને અટકાવી શકાય કે કેમ તે તો તેને વિચાર જ ન આવ્યો. સ્હેજ અવાજ થતાં સાપ ગોદડા પર ચડવા લાગ્યો. બાળકોનાં શરીર અને સાપ વચ્ચે માંડ ત્રણેક ફૂટનું અંતર રહ્યું. માના શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ ગઈ. પોતાનાં વ્હાલાં બાળકો તરફ મોત મોં ફાડી ધસતું હતું. એ ભાન ભૂલી. પરિણામ ભૂલી. માત્ર બાળકો ને ધસતું મોત - તે જ તેને દેખાવા લાગ્યા. 'ના ના, મારાં બાળકોને મારી નજર સમક્ષ મરવા નહીં જ દઉં.'

તેણે હોઠ ભીડ્યા. મક્કમ નિર્ણય કર્યો. પછી કઈ ક્ષણે તે ઉછળી, સાપ અને બાળકો વચ્ચેની સાંકડી જગ્યામાં ઊંધા પગે બેસી ગઈ તેનું તેને કોઈ રીતે ભાન ન રહ્યું.

બસ વીજળીની ઝડપે હાથ ઊંચો થયો ને સટાક કરતો પ્રથમ સપાટો સાપ પર પડ્યો. એક જબ્બર ફૂંફાડો સંભળાયો. સાપ પણ ઉછળ્યો. માના પગ પર ડંખ માર્યો. પણ હવે એ ભયમિશ્રિત સામાન્ય ભીરૂ સ્ત્રી ન હતી. મહિષાસુરને હણવા આવેલી જગદંબા નારાયણી હતી. સટોસટ અતિ વેગથી સોટીના સપાટા સાપ પર અવિરત ધારે પડવા લાગ્યા. ન એણે બૂમ પાડી, ન આડું-અવળું જોયું. તેની આંખ સાપ પર સ્થિર થઈ ગઈ. તેનો શ્વાસ ભરાઈ ગયો. શરીરે પરસેવાની ધારા છૂટી પણ હાથ તો અવિરત બસ ચાલતો જ રહ્યો. અવાજ થતાં બાળકો જાગી ગયાં. જોર-જોરથી રડવા લાગ્યાં. બાળકોના રડવાનો અવાજ સાંભળી પાડોશીઓ દોડી આવ્યા. જુએ છે તો માના ડોળા ચડી ગયા છે. શ્વાસ ધમણ જેમ ચાલે છે. સોટી વિંઝાતી જાય છે ને સપાટે સપાટે સાપના શરીરના ટૂકડા હવામાં ઊડે છે. સોટી ચિરાઈ ગઈ છે. માના મોઢામાંથી એક જ વાક્ય નીકળે છે, 'મારાં બાળકો... કરડવા નહીં જ દઉં...' લોકો જોઈ રહ્યા. મા પર ઠંડુ પાણી રેડ્યું. એ બેભાન તઈ ગઈ. ચાર કલાકે મા ભાનમાં આવી. ભાનમાં આવતાં જ 'સાપ-સાપ' બૂમ પાડી ઊઠી. લોકોએ શાંત પાડી. બાળકો એની સામે આણ્યાં. બાળકોને સાજા-નરવાં જોઈ આંખ હસી ઊઠી.

એ વખતે કોઈએ માને પૂછ્યું, 'આવી નાનકડી સોટી વડે આવડા ભયંકર સાપ પર હૂમલો કરતાં તમને ડર ન લાગ્યો ?'

મા કહે, 'એ વખતે મારી નજર સમક્ષ મારાં બાળકો હતાં, એમની તરફ ધસતું મોત હતું. મને મોતનો ડર ન લાગ્યો.'

એને મોતનો ડર ન લાગ્યો. કારણ... એ મા હતી.